# જય જિનેન્દ્ર

**વિચારશીલ જૈનોનો વિચારશીલ અવાજ**

Newspaper Registration No. GUJGUJ10312 •• Postal Registration No. GUJ-553
Vol III, Issue 7 •• October, 2004



F 9 Shrinandnagar IV, Vejalpur, Amdavad 380051 E-Mail : jayjinendra@jainshasan.com


# હવે જૈન શાસનનો ધડાધડ અભ્યુદય થઈ જવાનો, જોજો ને!


**મુનિ શ્રી મિત્રાનંદસાગરજી મહારાજ**


જૈન ધર્મના વિવિધ ઘટકોના નામે સંસ્થાઓ સ્થાપવાનું કાર્ય પૂરબહારમાં ચાલુ છે. જૈન ડોક્ટરોની સંસ્થા સ્થપાઈ ગઈ. જૈન વેપારીઓની સંસ્થા સ્થપાઈ ગઈ. જૈન વકીલોની સંસ્થા સ્થપાઈ ગઈ. જૈન પત્રકારોની સંસ્થા સ્થપાઈ ગઈ. જૈન પંડિતોની સંસ્થા સ્થપાઈ ગઈ. આ સિવાય જેની આગળ 'જૈન' શબ્દ લાગતો હશે એવી કેટલીયે સંસ્થાઓ સ્થપાઈ ગઈ હશે જેની અમને અમારી અનંત અજ્ઞાનતાના કારણે ખબર નહીં પડી હોય.

જે રીતે સંસ્થાઓ સ્થપાયાના સમાચારો જોરશોરથી બહાર આવે છે એ રીતે સંસ્થાઓનું સુરસુરિયું થઈ ગયાના સમાચારો ક્યારેય બહાર પાડવામાં આવતા નથી. સંસ્થાઓ સ્થપાય ત્યારે બધા હળેમળે છે, ચા-પાણી કરે છે, ફોટાઓ પડાવે છે, અમુક ચોક્કસ નક્કી કરેલા મહારાજ સાહેબને બોલાવીને તેમના મુખે મંગલાચરણ કરાવીને સંસ્થાનો આરંભ કરે છે. એક મતાંતર એવું પણ છે કે કેટલાક ચોક્કસ મહારાજ સાહેબો જ આવી સંસ્થા પ્રમોટ કરતા હોય છે અને પછી તેમાં ઉપર જણાવ્યા મુજબની પ્રવૃત્તિ થાય છે. જે હોય તે, પણ આવું થાય છે એ હકીકત છે. પછી બાળવાર્તાઓના છેડે આવે છે તેમ, 'ખાધું પીધું ને મજા કરી.' પછી આરંભે શૂરાઓનો સંઘ ક્યાંય પહોંચતો નથી અને તેમનો બધો નશો ક્યારે ઊતરી જાય છે એની પણ કોઈને ખબર પડતી નથી. મોટા ઉપાડે ખોલી કાઢેલી સંસ્થાઓમાં ન કોઈ વિચાર હોય છે, ન કોઈ આંદોલન હોય છે, ન કોઈ થીમ હોય છે, ન કોઈ આયોજન હોય છે. અર્ધદગ્ધ લોકોએ ખોલી કાઢેલી સંસ્થાના 'શુભારંભ'ના સમાચારો છાપાંઓમાં છપાઈ જાય એટલે બસ. પછી બધાએ લાંબી તાણીને સૂઈ જવાનું હોય છે.

જૈન ધર્મના કક્કાનીયે ખબર ન હોય એવા કેટલાક લોકોને વારંવાર જૈન ધર્મની સેવા કરવાની ચળ ઉપડે છે, તેમને વારંવાર સેવાના હુમલા


અનુસંધાન પાન ૧૪ ઉપર

# અણમોલ મોતી

**પૂ. આ. શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ**

આજે મંદિરો બંધાય છે એ હજી આનંદની વાત છે, પણ મંદિરોના નિર્માણ પાછળ જે રીતભાત અપનાવાઈ રહી છે એ તો ખૂબ જ વિચારણીય છે. ઘણીવાર અમને એમ લાગે છે કે મંદિર બંધાવનારાઓ એ રીતે ટીપ કરે છે કે ઘણા લોકો બોધિદુર્લભ બની જાય! મંદિર બંધાવનારે ઉદારતા રાખીને એવી વ્યવસ્થા કરવી જોઈએ કે એના સંચાલન માટે ભીખ માગવાનો અવસર જ ન આવે. આજે તો મંદિરનું સંચાલન કરવા પૈસાની જરૂર પડે તો ટ્રસ્ટીઓ એવાની પાસે પૈસા માગવા જાય કે જેઓ મંદિરમાં માનતા ન હોય! આવા માણસો ધર્મને બે-ચાર ગાળો ચોપડાવીને પછી થોડા દોકડા નોંધાવે! આ રીતે ભીખ માગવી એ શું સામાને બોધિદુર્લભ બનાવવાનો ધંધો નથી?

**

આશ્રવનાં કારણોને પણ જે નિર્જરાનું કારણ બનાવી શકે એ જૈન. પ્રભુના શાસનમાં આશ્રવનાં સાધન આશ્રવનાં જ બને, નિર્જરાનાં સાધન નિર્જરામાં જ હેતુ બને એવો એકાંતે નિયમ નથી. આ સાધનોનો ઉપયોગ કરનારાના આશયના આધારે ફળ મળે. આ સાધનોમાં એવી કોઈ સ્વતંત્ર તાકાત નથી. ખરી તાકાત જીવના પરિણામ – આશયમાં છે. પરિણામ સારો તો આશ્રવના સાધનથી પણ નિર્જરા થાય, પરિણામ જો ખરાબ તો ધર્મનાં સાધનોય પાપના બંધમાં નિમિત્ત બને.

**

આજના સુખીને લોકો લૂંટવા જ ઇચ્છે છે. કારણ કે એણે લૂંટી લૂંટીને ભેગું કર્યું છે. આજે સુખી આપત્તિમાં આવે ત્યારે આસપાસના પડોશીઓ રક્ષણ તો નથી કરતા, ઉપરથી એ લોકો એમ બોલે છે કે 'મરવા દો એને, એ આ જ લાગનો છે.' આમ શા માટે થાય છે એની ખબર છે? સુખી જો સૌને સુખી બનાવવા મથતો હોય તો આવું ન બને. શક્તિ મુજબ દુઃખીને સુખી બનાવવા મથે એ જ સાચો સુખી. આવા સુખી લોકો ઘટ્યા એથી જ સુખીની પડખે ઊભા રહેનારાય ઘટ્યા. પોતાનું સુખ બધાને આપવા મથે એ જેમ સુખી, એમ પોતાને મળેલો ધર્મ બધાને આપવા મથે એ સાચો ધર્મી. આવા સુખી અને આવા ધર્મી આજે જો મોટા પ્રમાણમાં જીવતા હોત તો દુનિયાનો દેદાર કોઈ જુદો જ હોત!

**'રામ વચન ધન પાયો'**માંથી સાભાર

## સમય ચિંતન

ન તો તમારાં સ્વજન તમારી રક્ષા કરી શકશે કે ન તો તમે તમારાં સ્વજનની રક્ષા કરી શકશો. વ્યક્તિ પોતે જ પોતાની રક્ષા કરી શકે છે અને પોતે જ પોતાની અરક્ષા.

**– આચારાંગસૂત્ર**


## જય જિનેન્દ્ર

વર્ષ ૩, અંક ૭
સળંગ અંક ૩૧
ઑક્ટોબર, ૨૦૦૪

■

સંપાદક : નિર્વેદ આચાર્ય

■

જય જિનેન્દ્ર દર માસની પહેલી તારીખે પ્રકાશિત થાય છે.

વાર્ષિક લવાજમ ૧૦૦ રૂપિયા. લવાજમ રોકડેથી, ડ્રાફ્ટથી, એમ. ઓ.થી મોકલી શકાય છે. બહાર ગામના ચેક સ્વીકારવામાં આવતા નથી (એટ પાર પેયેબલ હોય તો ચાલે).

પત્ર વ્યવહારનું સરનામું :
જય જિનેન્દ્ર કાર્યાલય
એફ ૯, શ્રીનંદનગર વિભાગ ૪,
સોનલ ટૉકિઝ રોડ, વેજલપુર,
અમદાવાદ ૩૮૦૦૫૧

# આપનો પત્ર મળ્યો

જય જિનેન્દ્ર દ્વારા લેવાયેલ પરીક્ષામાં કોઈ સો માર્કસ લાવીને સમ્મેતશિખરજીની યાત્રા માટે હક્કદાર ન બન્યું એ બાબત આશ્ચર્યકારી છે. આવડો મોટો સંઘ, આટલા બધા વિદ્વાન પંડિતો, આટલા બધા વિદ્વાન મહારાજ સાહેબો, હજારોની સંખ્યામાં બહાર પડતાં પુસ્તકો, છતાં રિઝલ્ટ આવું હોય એ બાબત વિચારતા કરી મૂકે તેવી છે. આપણે જ્ઞાનના ક્ષેત્રે કંગાળ બનતા જઈએ છીએ એ વાત આનાથી ફરી એકવાર પૂરવાર થઈ છે. ચાર ચાર વિકલ્પો આપ્યા હોય અને બધાને પૂછવાની છૂટ આપી હોય, પેપર સૉલ્વ કરવા માટે બે માસ જેટલો લાંબો સમય આપ્યો હોય એ પછી તો કોઈકે રિઝલ્ટ લાવી બતાવવું જ જોઈએ. જો કે આપનો પ્રયાસ ખરેખર પ્રશંસાપાત્ર છે. આપ એટલા સમય સુધી આ નિમિત્તે લોકોને વાંચન વગેરેમાં જોડી રાખો છો તે સરાહનીય છે. આવી પ્રવૃત્તિ માટે જય જિનેન્દ્રને લાખ લાખ ધન્યવાદ. હવે નવું પ્રશ્નપત્ર ક્યારે રજૂ કરવાના છો?

**જનક કે. નથવાણી** (વાસણા, અમદાવાદ)

આપ જે પરીક્ષાઓ લો છો તે તો ખરેખર ધન્યવાદને પાત્ર છે જ, પરંતુ કેટલાંક સૂચનો કરવાં યોગ્ય સમજું છું. સંચાલકોને યોગ્ય લાગે તો તે ઉપર વિચાર કરે :

પ્રથમ ઈનામ તરીકે ગમે અપાય એમાં વાંધો નથી, પરંતુ બીજા ઈનામની સંખ્યા વધારવી જોઈએ. ઈનામનું મૂલ્ય ઘટાડીને વધુ લોકોને ઈનામ મળે તેવું કરવું જોઈએ. દા. ત. આપે અઢારસોના મૂલ્યનાં ૧૧ ઈનામો આપ્યાં એના બદલે પાંચસો રૂપિયાની વસ્તુનાં ૩૦ ઈનામો હોય તો વધુ લોકોને પ્રોત્સાહન આપી શકાય. ગયા વખતની પરીક્ષા અને આ વખતની પરીક્ષા ઉપરથી એવું તારણ નીકળે છે કે કેટલીક વખત એક જ પરિવારમાં એકથી વધારે ઈનામો જાય છે. એક જણ પેપર લખે અને ઘરના બાકીના બધા કોપી કરીને મોકલી દે અને ઈનામ માટે યોગ્ય ઠરે એ જરા અજુગતું લાગે છે. એના બદલે 'એક ઘરમાં એક જ ઈનામ' એવો નિયમ બનાવવો જોઈએ, જેથી વધુ લોકોને ઈનામોમાં આવરી લઈ શકાય. યોગ્ય લાગે તો આ સૂચનો ઉપર વિચાર કરશો.



**સરલાબેન પી. શાહ** (ઘોડાસર, અમદાવાદ)

*એક ઘરમાં એકથી વધારે ઈનામ ન જવાં જોઈએ એવું સૂચન કરતા પુષ્કળ પત્રો અમને મળ્યા છે. સંચાલકોએ આ મુદ્દે ગંભીરતાથી વિચારવાનું નક્કી કર્યું છે.*

– તંત્રી : જય જિનેન્દ્ર

જય જિનેન્દ્ર દ્વારા લેવાયેલ પરીક્ષાના પ્રશ્નો બહુ જ અઘરા હતા. આવા સવાલો પૂછો તો પછી અમારા જેવાનો નંબર ક્યાંથી લાગે? હવેથી સહેલા પ્રશ્નો પૂછવા વિનંતી છે.

**મૃદુલાબેન અ. શાહ** (પાર્લા, મુંબઈ)

*પ્રશ્નો ખરેખર અઘરા હોત તો ૧૧ પુણ્યવાનો ૯૮ માર્કસ કેવી રીતે લાવી શકત? અને ૯૭-૯૬-૯૫ માર્કસમાં ૫૪ જણા કેવી રીતે ઉત્તીર્ણ થઈ શક્યા હોત? આપ થોડી વધારે મહેનત કરીને જ્વલંત સફળતા મેળવો એવી શુભકામના!*

– તંત્રી : જય જિનેન્દ્ર

# સત્ય : આગમોની નજરે

પૂજ્ય મુનિરાજ શ્રી મિત્રાનંદસાગરજી મહારાજ

~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~

: ૨ :

સત્ય ગહન છે. એ આપણે ધારીએ છીએ એટલું સરળ નથી. સત્ય સરળ છે, એ આપણે ધારીએ છીએ એટલું ગહન નથી. મારાં આ બે વિધાનો વિરોધાભાસી લાગે છે, પણ સત્ય એ છે કે એમાં કોઈ વિરોધાભાસ નથી. સત્યને જોવાની દૃષ્ટિ કેવી છે એના ઉપરથી સત્યની સરળતા અને ગહનતા નક્કી થાય છે. તમારૂં સત્ય બીજા માટે અસત્ય હોઈ શકે છે. તમારૂં અસત્ય બીજા માટે સત્ય હોઈ શકે છે.

વિજ્ઞાન કહે છે કે માણસ ૩૦ દિવસથી વધુ ખાધા વિના જીવી ન શકે. આ વિજ્ઞાનનું સત્ય છે. ઉપવાસના આરાધકો દર વર્ષે વિજ્ઞાનના સત્યને પડકારતા રહે છે અને વિજ્ઞાને નક્કી કરેલી મર્યાદાથી ચાર ગણા વધારે દિવસ સુધી મસ્તીથી ભોજન વગર જીવિત રહી શકે છે. આ ઉપવાસના આરાધકોનું સત્ય છે.

## આગમનાં અજવાળાં

ગુજરાતનો 'માણસ' શબ્દ મહારાષ્ટ્રમાં પણ 'માણસ' જ રહે છે. આ જનપદ-સત્ય છે. પણ ગુજરાતનો 'નવરો' શબ્દ મહારાષ્ટ્રમાં નવરાશથી બોલી શકાતો નથી! મહારાષ્ટ્રમાં સમજ્યા વિના જો આ શબ્દપ્રયોગ કરાય તો બબાલ થવાની શક્યતા રહે છે. આ પણ એક જનપદ-સત્ય છે. દેશ દેશનાં જનપદ-સત્યો જુદાં હોય છે, જે ક્યારેક બીજાં જનપદોમાં અસત્યમાં ગણાઈ જતાં હોય છે. માટે જ તો આપણે જેને રિક્ષા કહીએ છીએ એને કેટલાક પ્રદેશોમાં ટેમ્પો કહે છે!

પંક એટલે કે કાદવમાંથી આમ જોવા જાઓ તો કેટલી બધી વસ્તુઓ ઉત્પન્ન થાય છે! પણ પંકમાંથી ઉત્પન્ન થયેલી બધી વસ્તુઓને આપણે 'પંકજ' કહેતા નથી. પંકજ તો કમળને જ કહીએ છીએ. પંકજ શબ્દના અર્થ માટે ભાષાશાસ્ત્ર અને વ્યુત્પત્તિના સિદ્ધાંતો ગમે તે કહેતા હોય પણ સંમત-સત્ય એ છે કે એનો અર્થ કમળ જ કરાય! પોતપોતાની જમીનના ટુકડાનો માલિક 'ભૂપતિ' જ કહેવાય! પરંતુ એ તો ભાષાશાસ્ત્રની વાત થઈ. સંમત-સત્ય એ છે કે ભૂપતિ તો રાજાને જ કહેવાય!

આપણે પથ્થરમાંથી બનાવી કાઢેલી મૂર્તિને કંઈ પથ્થરનો ટુકડો નથી કહેતા, એને ભગવાન જ કહીએ છીએ. આ સ્થાપના-સત્ય થયું. મૂર્તિને પથ્થર કહેનારા પણ પોતાના વહાલા દાદાજીના ફોટાને કાગળના ટુકડા તરીકે નથી ઓળખતા પણ પોતાના દાદા તરીકે જ ઓળખે છે. સ્થાપના-સત્યનો ચમત્કાર જ કાગળના એક ટુકડાને એક, બે, પાંચ, દસ, પચાસ, સો, પાંચસો અને હજાર રૂપિયાનો દરજ્જો આપી બતાવે છે.

લક્ષ્મી સાથે ભલેને આડવેર હોય, પણ લક્ષ્મીનંદનને લક્ષ્મીનંદન કહેવો જ પડે. ભાગ્ય વિનાની સ્ત્રીને ભાગ્યવતી કહેવી જ પડે – જો એનું નામ જ ભાગ્યવતી હોય! ગુણનો છાંટો ય ન હોય, પણ ગુણવંતી તો ગુણવંતી જ! આંબાવાડીમાં આંબા હોય કે ન હોય, આંબાવાડી
~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~

એટલે આંબાવાડી જ! આ બધો ખેલ નામ-સત્યનો છે. ઉંદરને જોઈને ઘરની બખોલમાંથી બહાર ન નીકળનારનું નામ શૂરસેન હોય તો આપણે માન્ય રાખવું જ પડે. આખરે નામ-સત્યનો સવાલ છે!

સાધુ ન હોવા છતાં સાધુવેષના કારણે કોઈને સાધુ તરીકે ઓળખવો પડે તે રૂપ-સત્ય. આ જોર ઉપર તો ચલચિત્રોમાં ભગવાનનો અભિનય કરનારા કેટલાય લોકો ફાવી ગયા અને રાજગાદી ઉપર પણ ચડી બેઠા! આ બધો પ્રભાવ રૂપ-સત્યનો! સ્વભાવ ભલેને વાંદરા જેવો હોય, પરંતુ રામલીલાના નાટકમાં 'રામ' બને એટલે 'રામ' તરીકે જ ઓળખાય.

આંબળું મોટું કે નાનું? મોટું કહો તો ય સાચું અને નાનું કહો તો ય સાચું. પ્રતીત્ય-સત્યનો સહારો લઈને એમ કહી શકાય કે બોર અને આંબળાને બાજુમાં રાખીએ તો આંબળું મોટું લાગે, પણ તેને કેરીની સામે રાખીએ તો નાનું પણ લાગે. બોર કરતાં મોટું અને કેરી કરતાં નાનું. પ્રતીત્ય-સત્યને સાપેક્ષતાથી જ સમજી શકાય.

વ્યવહાર-સત્યની બોલબાલા તો જીવનભર અનુભવાતી રહે છે. ગામ ક્યારેય 'આવતું' નથી, પરંતુ આપણે રોજેરોજ બોલતા રહીએ છીએ : 'ગામ આવી ગયું!' દાદી બેઠી બેઠી 'કાંકરા' વીણતી હશે, પણ એને પૂછી તો જુઓ કે શું કરો છો? તરત કહેશે : 'ઘઉં વીણું છું!' હૈયું બળીને 'ખાખ' થઈ જાય છે, અમુક વાત સાંભળીને 'મરચાં' લાગે છે, અમુક વાત સાંભળીને 'ટાઢક' થઈ જાય છે, ઉનાળામાં આકાશમાંથી 'અંગારા' વરસે છે, ચોમાસામાં આકાશમાંથી 'કાચું સોનું' વરસે છે.... શબ્દનું સત્ય એ છે કે આમાંનું કશું જ બનતું નથી, પરંતુ વ્યવહારનું સત્ય એ છે કે આમાનું બધું જ બને છે! 'આપના આવવાથી ખૂબ જ આનંદ થયો!' ક્યારેક આ કથન સૌથી મોટું જુઠ્ઠાણું પણ હોય છે, છતાં તે કેવું મીઠું લાગે છે! આ બધી કમાલ વ્યવહાર-સત્યની જ!

જેની મુખ્યતા કે બહુલતા હોય તેનું નિરૂપણ કરવું તે ભાવ-સત્ય. પોપટની ચાંચ લાલ હોય, કાંઠલો કાળો હોય, પણ તોય પોપટ તો લીલો જ કહેવાય! યુવતીના માથાના વાળ કાળા હોય, હોઠ ગુલાબી હોય, આંખોની કીકી કાળી હોય, પણ યુવતી તો ગોરી જ હોય! આ બધું ભાવ-સત્ય.

સંબંધ-સત્ય. દંડના સંબંધે 'દંડી' કહેવાય, કાપડના વેપારથી 'કાપડીયો' કહેવાય, ભાવનગરનો રહેવાસી હોવાથી 'ભાવનગરી' કહેવાય, જિનનો અનુયાયી ન હોય તોય જૈનકુળમાં જન્મ્યો હોવાથી કુળના સંબંધે જૈન કહેવાય. સંબંધ-સત્યને યોગ-સત્ય પણ કહે છે.

અને છેલ્લે ઉપમા-સત્ય : 'અરે એ તો વાઘ છે વાઘ.' 'બાકી એનું પરાક્રમ જ એવું કે જાણે સિંહ જોઈ લો.' 'સાવ બકરી છે બકરી.' આમ ઉપમા આપીને સમજાવવું તે ઉપમા-સત્ય.

આગમકારોએ સત્યના દશ પ્રકારો કહ્યા છે. સત્યના વિષયમાં આગમકારોએ ઘણું ચિંતન કર્યું છે. પાંચ મૂળ યામોમાં અસત્યના ત્યાગનો ઉપદેશ હોવાથી પણ આમ થવું સ્વાભાવિક છે.

સત્યમાં રહેલા અસત્યના પાસને અને અસત્યમાં રહેલા સત્યના પાસને સમજી લેવામાં આવે તો ઘણા બધા ક્લેશોની શાંતિ થઈ શકે છે. અને શાંતિ એ મોટામાં મોટું સત્ય છે.

સ્યાદ્વાદ કે અનેકાંતવાદનો પૂજારી 'આ જ સત્ય કે પેલું જ સત્ય' એવા કદાગ્રહને આધીન બનતો નથી. એ તો દરેક પદાર્થ અને દરેક વિચારમાં રહેલા સત્યના અંશને શોધી કાઢે છે.

અને આગમકારો સત્યને ભગવાનનો દરજ્જો આપે છે : सच्चं भगवयं...

# જિજ્ઞાસા ????? ૯

સમાધાનદાતા : પૂજ્ય મુનિરાજ શ્રી મિત્રાનંદસાગરજી મહારાજ

**૨૭. 'આશાતના'નો સ્પષ્ટ અને શાસ્ત્રીય અર્થ શું છે?**

ઉત્તરાધ્યયનસૂત્રની વૃત્તિમાં કહ્યું છે કે જે કાર્યથી સમ્યક્ત્વાદિ લાભનો નાશ થાય તે આશાતના. આવશ્યકચૂર્ણિના અભિપ્રાય પ્રમાણે જેનાથી જ્ઞાનાદિની પ્રાપ્તિને બાધા પહોંચે તેવી પ્રવૃત્તિ તે આશાતના. તાત્ત્વિક રીતે બન્ને અભિપ્રાય સરખા જ છે.

'सम्यक्त्वादिलाभं शातयति विनाशयति इति आशातना।' [ઉત્તરાધ્યયનવૃત્તિ]

'आसायणा णाम नाणाइआयस्स सायणा।' [આવશ્યકચૂર્ણિ]

**૨૮. તીર્થંકરો દેશના આપી રહે પછી ગણધરો દેશના આપે તે શા માટે? શું તીર્થંકરની વિદ્યમાનતામાં તેમનો ઉપદેશ નિરર્થક નથી?**

તમારા પ્રશ્નથી ઘણી મજા આવી.

હકીકત એ છે કે તીર્થંકરની વિદ્યમાનતામાં ગણધરો દેશના આપે તેથી –

૧. લોકોમાં આસ્થા જાગે કે ગણધરોનું વચન તીર્થંકરોએ માન્ય રાખ્યું હોવાથી તેમના જેટલું જ શ્રદ્ધેય છે.

૨. તીર્થંકરો અને ગણધરોની દેશના અવિસંવાદી છે એવો શ્રોતાઓમાં વિશ્વાસ જાગે.

૩. ગણધરોની તે પ્રકારની ભક્તિ. પોતાના ગુરુ એવા તીર્થંકરને દેશના દ્વારા પડેલો શ્રમ દૂર થાય.

૪. ગુરુ અને શિષ્યની પરંપરાનું યોગ્ય રીતે વહન કરવાનો દાખલો બેસે.

खेयविणोओ सीसगुणदीवणा पच्चओ उभओ वि।

सीसायरियकमो वि य गणहरकहणे गुणा होंति॥ આવશ્યકનિર્યુક્તિ, આવશ્યકચૂર્ણિ.

**૨૯. નિહ્નવ કોને કહે છે? શું આ કાળમાં કોઈ નિહ્નવ છે?**

શ્રમણલિંગ સ્વીકાર્યા પછી પણ મિથ્યાત્વના અભિનિવેશના કારણે તીર્થંકર-ભાષિત વચનોનો અપલાપ કરે તેને નિહ્નવ કહે છે. તમારા પ્રશ્નના શેષ હિસ્સાનો ઉત્તર આપવાનું કામ મારૂં નથી. શક્ય હોય તો તમે વિશેષાવશ્યકભાષ્યનું શ્રી મલયગિરિસૂરિ રચિત વિવરણ વાંચો. ત્યાં તમે જે પૂછવા માગો છો તેનું સંપૂર્ણ સંતોષકારક સમાધાન મળી જશે.

**૩૦. શ્રમણ શબ્દની શાસ્ત્રાધારે શું વ્યાખ્યા થાય છે?**

શ્રી અગસ્ત્યસિંહગણી ક્ષમાશ્રમણે પોતાની દશવૈકાલિકચૂર્ણિમાં શ્રમણ શબ્દની આ રીતે વ્યાખ્યા આપી છે – "समणा तवस्सिणो, 'श्रमू तपसि' इति।" આને અનુસરીને એવી વ્યાખ્યા કરી શકાય કે જે તપસ્વી છે તે શ્રમણ છે. ચૂર્ણિકારે અહીં 'તપ કરવું' એ અર્થમાં 'શ્રમ્' ધાતુનું સૂચન કર્યું છે.

*– દશવૈકાલિક ૧ । ૩ની ચૂર્ણિ.*

# જૈન ધર્મનું શબ્દજ્ઞાન (૮)

## ~~~~~~~~~~~~~ પારિભાષિક જૈન શબ્દોનો અર્થ ~~~~~~~~~~~~

**વર્તમાન જોગ**=જેવો અવસર; જેવો વખત (ગૃહસ્થો દ્વારા અપાતા આમંત્રણ વખતે સાધુ-સાધ્વીજીઓ દ્વારા કરાતો ભાષાપ્રયોગ).

**વિહાર**[૧]=સાધુ-સાધ્વીઓ એક સ્થળેથી બીજા સ્થળે ચાલીને જાય તે; પદયાત્રા.

**વિહાર**[૨]=જિનમંદિર; જિન-ચૈત્ય; દેરાસર.

**વિહારભૂમિ**[૧]=સાધુ-સાધ્વીઓ માટે સ્વાધ્યાયનું સ્થળ; ગોચરી માટે પરિભ્રમણ; દેરાસર ગમન.

**વિહારભૂમિ**[૨]=સાધુ-સાધ્વીઓ જ્યાં વધુ પ્રમાણમાં વિચરતા હોય તેવું સ્થળ.

**વિચારભૂમિ**=પારિષ્ઠાપનિકા માટેનું સ્થળ; મલોત્સર્ગ માટેની જગ્યા.

**ત્રિભૂમિ**=સાધુ-સાધ્વીઓની જન્મભૂમિ, દીક્ષાભૂમિ અને તેઓ જ્યાં વિચરી ચૂક્યા હોય તેવાં સ્થળો.

**સજ્ઝાય**[૧]=સ્વાધ્યાય; આત્મ-ચિંતન; ગાથાઓ, સૂત્રો વગેરેનું પુનરાવર્તન; આવૃત્તિ.

**સજ્ઝાય**[૨]=મહાપુરુષોનાં કથાનકો જેમાં વણી લેવામાં આવ્યાં હોય તેવું ગેય સાહિત્ય; વૈરાગ્યપોષક ગેય સાહિત્ય; ભજનો, પદો વગેરે પ્રકારનું ભાવવાહી ગેય સાહિત્ય.

**શાતા**=ચિત્તની પ્રસન્નતા રહેતી હોય તેવી સ્થિતિ; આનંદમય અને નિરામય માનસિક તથા શારીરિક અવસ્થા.

**વસતિ**=સાધુ-સાધ્વીઓને રોકાવા, ઊતરવા માટેનું યોગ્ય અને નિર્દોષ સ્થળ; ઉપાશ્રય.

**રજોહરણ**=રજને દૂર કરવાનું સાધન; ઓઘો, દંડાસન ચરવળો, પૂંજણી વગેરે ઉપકરણ.

**લોચ**=મસ્તક, દાઢી, મૂછના વાળ ખેંચી કાઢવાની પ્રવૃત્તિ.

**લુંચન**=ઉપર પ્રમાણે.

**કેશલોચ**=ઉપર પ્રમાણે.

**કેશલુંચન**=ઉપર પ્રમાણે.

**પડિલેહણ**=વસ્ત્ર, પાત્ર, વસતિ વગેરેનું સૂક્ષ્મતાથી વિધિ પૂર્વક નિરીક્ષણ.

**સામાચારી**=આચાર મર્યાદા; જે તે ગચ્છમાં આચાર વ્યવ-સ્થાનાં નિશ્ચિત ધોરણો.

### તમે શું માનો છો?

'શ્રી જૈન સંઘ સેવા પ્રતિષ્ઠાન' નામે એક સંસ્થા આકાર લઈ રહી છે. શું તમને લાગે છે કે એની રચનાથી જૈન સંઘના સળગતા પ્રશ્નોનું નિરાકરણ આવી જશે? કે પછી આ સંસ્થા દીર્ઘદષ્ટિ ધરાવનારા અંગ્રેજો જેવી પોલિસીમાં માનતા કોઈ ચોક્કસ વર્ગના ભેજાની પેદાશ છે?

તમારો જવાબ આજે જ *જય જિનેન્દ્ર*ને રવાના કરો. તમારી સરળતા માટે અહીં આઠ વિકલ્પો આપ્યા છે, તેમાંનો કોઈ એક ટિક કરીને મોકલી દેશો તો પણ ચાલશે –

□ આ સંસ્થા જૈન ધર્મની સમસ્યાઓને ખરેખર દૂર કરશે. □ આ સંસ્થા ખાસ કંઈ ઉકાળી શકે એવું લાગતું નથી. □ આવી તો ઘણી સંસ્થાઓ બની અને આથમી ગઈ. □ આપણે આશા રાખવામાં શું વાંધો છે? □ 'કહીં પે નિગાહેં, કહીં પે નિશાના' હોય એમ લાગે છે. □ અત્યારના નેતૃત્વ પાસેથી સમસ્યાનો ઉકેલ મળે એ વધુ પડતું ગણાય. □ અમને આવા પ્રશ્નોમાં કોઈ રસ નથી. □ કશું કહી ન શકાય.

# આપનું પુસ્તક મળ્યું...



## ■ રામ વચન ધન પાયો

***સંકલનકર્તા :*** *પૂ. આ. શ્રી પૂર્ણચંદ્રસૂરીશ્વરજી મ.*
***પ્રકાશક :*** *મોક્ષમાર્ગ પ્રકાશન*
*સુમંગલમ્ કાર્યાલય, ૧૦/૩૨૬૮ એ, કાજીનું મેદાન, ગોપીપુરા, સુરત ૩૯૫૦૦૨*
***મૂલ્ય :*** *૫૦ રૂપિયા.* ***પૃષ્ઠ સંખ્યા :*** *૧૦+૧૪૨*

સુવિશ્રુત વ્યાખ્યાનકાર અને અજોડ શાસનપ્રભાવક પૂજનીય આચાર્ય શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજનાં પ્રવચનોમાંથી પસંદ કરેલાં અવતરણોને પુસ્તકરૂપે તૈયાર કરીને આદર્શ ગ્રંથમાળાના ૧૭મા મણકા તરીકે તેને પ્રકાશિત કરવામાં આવ્યું છે. પોતાની લેખની દ્વારા જૈન મુનિઓમાં વિશિષ્ટ સ્થાન ઊભું કરનારા પૂજનીય સિદ્ધહસ્તલેખક આ. શ્રી વિજય પૂર્ણચંદ્રસૂરીશ્વરજી મહારાજ દ્વારા આ પુસ્તકનું સંકલન અને સંપાદન કરવામાં આવ્યું છે અને તેને આકર્ષક રૂપમાં રજૂ કરવામાં આવ્યું છે.

સદ્ગત વ્યાખ્યાનકારશ્રીએ કરેલાં વ્યાખ્યાનોમાંથી વીણી કઢાયેલાં આ અવતરણોનું મૂલ મોતી જેવું છે અને સ્વાદ સાકર જેવો છે. સંકલનકારશ્રીનો આ એક સ્તુત્ય પ્રયાસ છે.

## ■ જીવનનું અંતિમ માંગલ્ય

***સંપાદક :*** *પૂ. આ. શ્રી ચિદાનંદસૂરીશ્વરજી મ.*
***પ્રકાશક :*** *પદ્માવતી પ્રકાશન મંદિર*
*૧૦/૧૨૭૦, ગોપીપુરા, હાથીવાળા દેરાસર સામે, સુરત ૩૯૫૦૦૨*
***મૂલ્ય :*** *૨૫ રૂપિયા.* ***પૃષ્ઠ સંખ્યા :*** *૨૪+૧૬૪*

ગૌતમસ્વામીના પૂર્વભવો, ગૌતમસ્વામીનો રાસ, પદ્માવતી આરાધના, સામાન્ય જ્યોતિષ ઉપરાંત નાના મોટા વિવિધ ઉપયોગી લેખોના સંગ્રહ રૂપ ઉપયોગી પુસ્તક.

## ■ યુગાદિ દેશના

***સંપાદક, પ્રકાશક*** *વગેરે ઉપર મુજબ.*
***મૂલ્ય :*** *૫૧ રૂપિયા.* ***પૃષ્ઠ સંખ્યા :*** *૧૦+૧૮૪*

શ્રી સોમમંડન ગણી દ્વારા મૂળ સંસ્કૃતમાં રચાયેલા ગ્રંથનો ગુજરાતી અનુવાદ. આમાં આદિનાથ ભગવાનનો ઉપદેશ સમાવી લેવાયો છે.

## ■ વિરલ વિભૂતિઓ

***સંપાદક, પ્રકાશક*** *વગેરે ઉપર મુજબ.*
***મૂલ્ય :*** *૫૦ રૂપિયા.* ***પૃષ્ઠ સંખ્યા :*** *૧૦+૯૨*

જૈન ગ્રંથોમાં પ્રસિદ્ધ થયેલી વિવિધ વ્યક્તિઓનાં નાનાં નાનાં કથાનકો અહીં સમાવી લેવામાં આવ્યાં છે. ખાસ કરીને પાઠશાળાએ જતાં બાળકો માટે ઉપયોગી પુસ્તક.

## ■ આર્હત તત્ત્વદર્શન

***સંપાદક, પ્રકાશક*** *વગેરે ઉપર મુજબ.*
***મૂલ્ય :*** *૧૨ રૂપિયા.* ***પૃષ્ઠ સંખ્યા :*** *૮+૧૯૨*

ગ્રંથના આરંભે ચાર પ્રકરણ અને ત્રણ ભાષ્ય મૂળ અને તે પછી તે સર્વનું સરળ ગુજરાતી વિવેચન અહીં આપવામાં આવ્યું છે. વિવિધ ઉપયોગી કોષ્ઠકો અને ચિત્રો દ્વારા પુસ્તકને વધુ ઉપયોગી બનાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. ક્વચિત પ્રશ્નોત્તરીનું આયોજન કરીને વાચકો માટે અઘરા વિષયોને વધુ સરળ કરવાનો ઉપયોગી પ્રયાસ અહીં દેખાય છે. આ પુસ્તક પ્રકરણો અને ભાષ્યાદિનો પ્રારંભિક અભ્યાસ કરવામાં ઉપયોગી બને એવું છે.

# જય જિનેન્દ્ર સ્વાધ્યાય સ્પર્ધા - ૯

## દસમા પાને દર્શાવેલી ખાલી જગ્યા ભરો અને આજે જ કાર્યાલયને રવાના કરો

**શરતો, નિયમો અને સૂચનાઓ :** આ સ્પર્ધા માત્ર નોંધાયેલા મેમ્બરો પૂરતી જ હોવાથી લવાજમ ભરીને નોંધાયેલા સભ્યો જ આ સ્પર્ધામાં ભાગ લઈ શકે છે. ● સભ્ય ન બન્યા હોય તેમણે મોકલેલા ઉત્તરો ઉપર ધ્યાન આપવામાં નહીં આવે. ● સમગ્ર વર્ષ દરમ્યાન કોઈ પણ મહિનાથી સભ્ય બની શકાય છે. ● સાદા કાગળ ઉપર સુવાચ્ય અક્ષરોમાં જવાબો મોકલી શકાય છે. ● અંકમાંથી પાનું ફાડીને મોકલવાની જરૂર નથી. ● છેકછાકવાળો જવાબ ખોટો ગણાશે. ● જવાબો મોકલનારે નીચે જણાવ્યા મુજબની વિગતો કાગળના મથાળે ડાબી બાજુએ સ્પષ્ટ અક્ષરે લખવી. આ વિગતો માત્ર ગુજરાતી અથવા હિંદીમાં જ લખવી. ● જવાબપત્રમાં નીચે જણાવેલી વિગતો અને જવાબોને બાદ કરતાં અન્ય કશું લખવું નહીં. ● એક વ્યક્તિ એક જ ઉત્તરપત્ર મોકલી શકશે. ● સાચા જવાબો મોકલનારની સંખ્યા એકથી વધુ હશે તો વિજેતાની પસંદગી ડ્રૉ દ્વારા કરવામાં આવશે અને આ બાબતમાં કોઈ સાથે સવાલ-જવાબ, દલીલબાજી, ચોખવટો કે પત્રવ્યવહારમાં ઊતરવામાં નહીં આવે. ● સ્પર્ધા બાબતે સંચાલકોનો નિર્ણય આખરી ગણાશે. સ્પર્ધાની શરતો, નિયમો અને સૂચનાઓમાં ગમે ત્યારે ફેરફાર, સુધારા, વધારા કરવાનો અને/અથવા સ્પર્ધાને ગમે ત્યારે રદબાતલ કરવાનો અબાધિત અધિકાર સંચાલકો પાસે રહેશે. ● અપૂરતી ટિકીટ લગાડેલાં કવરો સ્વીકારવામાં આવશે નહીં. ● તમે મોકલેલી એન્ટ્રી ટપાલમાં ખોવાય, નાશ પામે કે અન્ય રીતે તેને કોઈ નુકસાન થાય તે સંયોગોમાં જય જિનેન્દ્રની કોઈ જવાબદારી બનતી નથી. ● જય જિનેન્દ્ર માસિકના કર્મચારીઓ કે રિપોર્ટરો આ સ્પર્ધામાં ભાગ લઈ શકશે નહીં. ● **તમારી એન્ટ્રી અહીં મોકલશો :** જય જિનેન્દ્ર, એફ ૯, શ્રીનંદનગર વિભાગ ૪, સોનલ ટૉકિઝ રોડ, વેજલપુર, અમદાવાદ ૩૮૦૦૫૧.

## ● તમારી એન્ટ્રી આજે જ મોકલો . . .

નામ ______________________________

સરનામું ______________________________

______________________________

ગામ ____________________ પિનકોડ નંબર ____________

જિલ્લો ____________________ ફોન નંબર ____________

જય જિનેન્દ્ર મેમ્બરશિપ નંબર ____________________

**આ સ્પર્ધાના વિજેતાને મળશે સુંદર નયનરમ્ય ફ્રેમ સાથે ૧૮૦૦ના મૂલ્યનું મહાપ્રભાવિક લક્ષ્મીધારા યંત્ર**

તમારી એન્ટ્રી ઓક્ટોબર, ૨૦૦૪ની આખર તારીખ સુધી અમને મળી જવી જરૂરી છે. તે પછી મળેલી એન્ટ્રીઓ રદબાતલ ગણાશે. ● સાચા જવાબો અને ઈનામોની જાહેરાત ડિસેમ્બર, ૨૦૦૪ના અંકમાં કરવામાં આવશે. ● **એન્ટ્રીના કવર ઉપર જય જિનેન્દ્ર સ્પર્ધા - ૯ લખવું જરૂરી છે.**

# જય જિનેન્દ્ર સ્વાધ્યાય સ્પર્ધા - ૯

નિયમ ૧. દરેક પ્રશ્નનો જવાબ 'ખ' અથવા 'ખ'ની બારાખડીથી શરૂ થતો હોવો જોઈએ. ૨. એકનો એક જવાબ બીજી વાર ન આવવો જોઈએ. ૩. છેકછાકવાળો જવાબ ખોટો ગણવામાં આવશે.

૧. ગુરુ ભગવંતોને વંદન કરતાં સુખશાતાપૃચ્છા કયા સૂત્રથી કરશો?
૨. ધન્ય મુનિરાજ! તમારાં ચામડાં ઊતરી ગયાં તોયે કેવી તમારી અદ્‌ભુત સમતા!
૩. જેની સાથે મનદુઃખ થયું હોય તેની સાથે આ પર્વાધિરાજમાં તમે .......... કર્યાં કે નહીં?
૪. તેમના શરીરે .......... ખૂબ આવે, તેથી તેઓ ઇતિહાસમાં કરકંડૂ મુનિ તરીકે ઓળખાયા.
૫. ભગવાન મહાવીરના વિવિધ તપનાં પારણામાં કઈ વસ્તુનું નામ વધારે વખત આવે છે?
૬. ક્ષપકશ્રેણિને આગમિક ભાષામાં કયા નામે ઓળખવામાં આવે છે?
૭. પ્રતિક્રમણનાં સૂત્રોમાં જેમ 'નમામિ' આવે તેમ .......... પણ આવે!
૮. કેટલાંક વ્રતો સાવ સરળ હોય છે, જ્યારે કેટલાંક વ્રતો ..........ની ધાર જેવાં હોય છે.
૯. જેમ સમ્રાટ અશોકના શિલાલેખ પ્રખ્યાત છે, તેમ સમ્રાટ ..........ના શિલાલેખો પણ પ્રખ્યાત છે.
૧૦. શરીરે .......... ધરાવનાર વ્યક્તિની મજાક ઉડાડવાથી બહુ ચીકણાં કર્મો બંધાય છે.
૧૧. જો તમારામાં જૈન શાસનની .......... હોય તો તમારે કર્મરાજાથી ડરવાનું રહેતું નથી.
૧૨. સપનામાં મનગમતા ભગવાનનાં દર્શન થઈ જાય તો તમને શું થાય?
૧૩. તમે સાધનસંપન્ન અને ધનવાન હો તો લોકો તમને શું કરે?
૧૪. કયા ગચ્છના આચાર્યોના નામની આગળ 'જિન' શબ્દ લગાડાય છે?
૧૫. પાક્ષિકાદિ અતિચારમાં કયા પૃથ્વીકાયનું નામ આવે છે?
૧૬. નવાં જૂનાં મળીને ૭૨ દેરાસરો કયા તીર્થમાં છે?
૧૭. કયા પ્રકારની મૂર્તિઓની પૂજા કરવાનું બંધ કરવામાં આવે છે?
૧૮. છ વિગઈમાંથી જો તમે ગોળ વિગઈ છોડી દીધી હોય તો તમારે શું ન ખવાય?
૧૯. દેરાસરનું બાંધકામ શરૂ થયું એમ ક્યારે કહેવાય?
૨૦. વજ્રસ્વામીને દેવો દ્વારા મળેલી લબ્ધિઓમાં .......... લબ્ધિ પણ હતી.
૨૧. દોરડા ઉપર શું કરતાં ઇલાચીકુમારને કેવળજ્ઞાન થઈ ગયું?
૨૨. તમારી શક્તિ ભલે ઓછી હોય, પરંતુ તમારી ભાવના તો .......... ન જ હોવી જોઈએ!
૨૩. 'વેરં મજ્ઝ ન કેણઈ' એ ગાથાનો આરંભ કયા પદથી થાય છે?
૨૪. દશવિધ ધર્મનો આરંભ કયા ધર્મથી થાય છે?
૨૫. તમે કોઈની ઉપર .......... રાખતા હો તો તમે દ્વેષ અને કષાયોથી ઘેરાયેલા છો એમ માનવું પડે.
૨૬. દેરાસરમાં ભાવના અથવા પૂજા હોય ત્યારે તમને શું વગાડવું ગમશે?
૨૭. કલ્પસૂત્રના જૂના યુગમાં રચાયેલા ગુજરાતી વિવરણની ક્રેડિટ કોને આપશો?
૨૮. 'મિત્તી મે સવ્વભૂએસુ' એ ગાથામાં કયા પદનો ઉપયોગ કરવામાં આવ્યો છે?
૨૯. શત્રુંજયના એક ખૂબ ગવાતા સ્તવનની રચના કયા મુનિવરે કરી છે?
૩૦. જ્ઞાનીઓની નજરે ભોગો એટલે .........મેત્તસુક્ખા, બહુકાલદુક્ખા.

## અમદાવાદના આંગણે

# યોગદિવાકરશ્રીનો ૮૪મો જન્મદિન ભવ્યતાથી ઉજવાયો

પૂજનીય યોગદિવાકર આચાર્ય શ્રી વિજય આનંદઘનસૂરીશ્વરજી મહારાજશ્રીનો ૮૪મો જન્મદિવસ અને યોગસાધના દિવસ અમદાવાદના આંગણે તા. ૩.૯.૨૦૦૪ના રોજ અત્યંત ભાવવાહી વાતાવરણમાં ઉજવાઈ ગયો.

આંબાવાડી વિસ્તારમાં આવેલા વીસા ઓસવાળ હોલમાં ભારે દબદબાપૂર્વક ઉજવાયેલા આ પ્રસંગમાં યોગદિવાકરશ્રીના શિષ્યપરિવાર ઉપરાંત પૂ. આચાર્ય શ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી મ., પૂ. પં. શ્રી ઇન્દ્રજિતવિજયજી મ., પૂ. મુનિવર શ્રી મિત્રાનંદસાગરજી મ. વગેરે બહોળો મુનિસમુદાય અને સાધ્વીસમુદાય ઉપસ્થિત રહ્યો હતો. આ પ્રસંગે અનેક ગણમાન્ય આગેવાનો પણ પૂજ્ય આચાર્યશ્રીનાં ચરણોમાં પોતાની શ્રદ્ધા વ્યક્ત કરવા પધાર્યા હતા.

આ અવસરે પૂજનીય યોગદિવાકરશ્રીના શિષ્ય પૂ. આ. શ્રી પ્રદીપચંદ્રસૂરીશ્વરજી મહારાજે પૂજ્યશ્રીએ કઈ રીતે યોગમાર્ગે પ્રયાણ કર્યું વગેરે બાબતો ઉપર વિશદ પ્રકાશ પાડ્યો હતો અને સાધનાકાળની અનેક અજાણી બાબતોનું રસાળ શૈલીમાં બયાન કર્યું હતું.

પૂ. આ. શ્રી કલ્યાણસાગરસૂરિજી મહારાજે પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે ભક્તના હૃદયમાં ગુરુનું સ્થાન હોય એ બહુ મોટી વાત ન ગણાય, પરંતુ ગુરુના હૃદયમાં ભક્તનું સ્થાન હોય તે બહુ મોટી બાબત બની રહે છે.

પૂ. પં. શ્રી ઇન્દ્રજિતવિજયજી મહારાજે દુઃખની નહીં પણ દુઃખનાં કારણોની ખોજ કરવાનું જણાવીને મહાપુરુષોના સંપર્કમાં આવવાથી કેવી રીતે દુઃખોનું નિવારણ થાય છે તે અંગે પ્રકાશ પાડ્યો હતો.

પૂ. મુનિવર શ્રી મિત્રાનંદસાગરજી મહારાજે સળગતા સંસારમાં અને અશાન્તિમય જીવનમાં સાધક મહાપુરુષોનું શરણું કેવી રીતે ઉપકારક બને છે તે ઉપર પ્રકાશ પાડીને શ્રી પાદલિપ્ત-સૂરીશ્વરજી મહારાજ જેવા ભૂતકાલીન મહા-પ્રભાવક આચાર્યોના દાખલાઓ દ્વારા ચારિત્રબળ ધરાવનારા આચાર્યોમાં કેવી રીતે પ્રભાવ પ્રગટે

**જય જિનેન્દ્ર સ્વાધ્યાય સ્પર્ધા - ૭ નો ઉકેલ**

૧. ઉપવાસ / ૨. ઉપાધ્યાય / ૩. ઉપસર્ગ / ૪. ઉદ્યોતનસૂરિ / ૫. ઉદયન / ૬. ઉદાયી / ૭. ઉપધાન / ૮. ઊજમણું / ૯. / ઉજમફોઈ / ૧૦. ઉદયસાગરસૂરિ / ૧૧. ઉઘરોજ / ૧૨. ઉદ્ધાર / ૧૩. ઉણોદરી / ૧૪. ઉપકાર / ૧૫. ઉવસગ્ગહરં / ૧૬. ઉદ્યમ / ૧૭. ઉદયસૂરિ / ૧૮. ઉદર / ૧૯. ઉપાશ્રય / ૨૦. ઉપમિતિભવપ્રપંચા કથા / ૨૧. ઉદારતા / ૨૨. ઉત્કાલિક / ૨૩. ઉકાળેલું / ૨૪. ઉદ્યોત / ૨૫. ઉચ્ચગોત્ર / ૨૬. ઉડુએણં / ૨૭. ઉપશમ / ૨૮. ઊર્ધ્વ / ૨૯. ઉજ્જયંતગિરિ / ૩૦. ઊસસિએણં

■ ■ ■

જય જિનેન્દ્ર 'સ્વાધ્યાય સ્પર્ધા - ૭'નાં વિજેતા :
નીલાબેન જે. શાહ (ઉધના, સુરત)
તેમને ઇનામ રવાના કરી દેવાયું છે.




*અમદાવાદના આંગણે પૂજનીય યોગદિવાકર આચાર્ય શ્રી વિજય આનંદઘનસૂરીશ્વરજી મહારાજશ્રીના ૮૪મા જન્મદિવસ નિમિત્તે થયેલી ભવ્ય ઉજવણીમાં ઉપસ્થિત મુનિગણની એક ઝલક*

છે તેનું નિરૂપણ કરીને શ્રોતાઓને રસતરબોળ કર્યા હતા. તેઓશ્રીએ કહ્યું હતું કે જૈન મુનિઓ ક્યારેય ચમત્કાર કરતા નથી, પણ તેમના નૈષ્ઠિક ચારિત્રબળ અને કઠોર સાધનાના કારણે કંઈક એવું બને છે કે જે આપણને ચમત્કાર લાગે છે.

પૂજનીય મુનિવર શ્રી સિદ્ધાનંદવિજયજી મહારાજે પણ પોતાની ભાવનાનાં પુષ્પો પૂજ્યશ્રીનાં ચરણોમાં પાથર્યાં હતાં.

પૂજનીય યોગદિવાકર આચાર્ય શ્રી વિજય આનંદઘનસૂરીશ્વરજી મહારાજશ્રીએ આ પ્રસંગે પોતાની અસલી અને આગવી શૈલીમાં મંગલાચરણ ફરમાવ્યું ત્યારે વાતાવરણમાં એક અદ્‌ભુત પ્રકારની શાંતિનો અનુભવ થયો હતો.

પ્રસંગની પૂર્ણાહુતિ પછી આગંતુકો માટે શ્રી આનંદઘન ભક્ત મંડળ દ્વારા પ્રીતિભોજનનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

# પાલિતાણા ખાતે ૩૬ ઉપવાસની ઉગ્ર તપશ્ચર્યા

પાલિતાણાના પાવન આંગણે ચાતુર્માસ બિરાજમાન સદ્‌ગત પૂજનીય સ્વાધ્યાયપ્રેમી આચાર્ય શ્રી ચિદાનંદસૂરીશ્વરજી મહારાજશ્રીના પટ્ટધર પૂજનીય મધુરભાષી આચાર્ય શ્રી કીર્તિસેનસૂરીશ્વરજી મહારાજના સુવિનીત શિષ્ય ઉગ્ર તપસ્વી મુનિવર શ્રી હેમકીર્તિ-મુનિજી મહારાજશ્રીએ ચાલુ વરસીતપમાં ૩૬ ઉપવાસની ઉગ્ર તપશ્ચર્યા સુખરૂપ સંપન્ન કરેલ છે. તપના પારણા નિમિત્તે ભાદરવા સુદ ૬ના દિવસે ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. પૂજનીય મુનિશ્રીએ શ્રી સિદ્ધગિરિરાજની તલાટીની સ્પર્શના કરીને સત્તાવીસ એકડા ધર્મશાળા ખાતે સુખરૂપ તપનું પારણું કર્યું હતું. આ પ્રસંગે પૂજ્ય આચાર્યશ્રીની નિશ્રામાં ચોસઠપહોરી પૌષધ કરનારા આરાધકોનું વિશિષ્ટ બહુમાન પણ કરવામાં આવ્યું હતું. પૂજયશ્રીની નિશ્રામાં અત્યંત ભાવવાહી વાતાવરણમાં પર્વાધિરાજની આરાધના સંપન્ન થઈ હતી.



*પૂ. મુ. શ્રી હેમકીર્તિમુનિજી મ.*

ઉલ્લેખનીય છે કે ગત વર્ષે પણ પૂ. મુનિશ્રીએ એકાવન ઉપવાસની દીર્ઘ તપશ્ચર્યા સમતા અને ઉલ્લાસ પૂર્વક કરી હતી.

## *શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ મહિમા જૈન સંઘમાં*

# પર્વાધિરાજ પર્યુષણની ભવ્ય ઐતિહાસિક આરાધના

પૂજનીય મુનિવર શ્રી મિત્રાનંદસાગરજી મહારાજશ્રીની પાવન નિશ્રામાં અમદાવાદના જીવરાજપાર્ક વિસ્તારમાં આવેલા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ મહિમા જૈન સંઘમાં પર્વાધિરાજ પર્યુષણ પર્વની આરાધના ભારે ઉલ્લાસમય વાતાવરણમાં સંપન્ન થઈ થઈ હતી.

પૂજ્યશ્રી સંઘમાં પધાર્યા એના પ્રથમ દિવસથી જ એક વિશિષ્ટ પ્રકારનું વાતાવરણ સર્જાયું હતું અને દિવસોદિવસ તેમાં ભાવવાહી વધારો થતો આવ્યો હતો. પૂજ્યશ્રીનાં વિદ્વત્તાપૂર્ણ છતાં સરળ પ્રવચનોએ શ્રી સંઘના એકેએક સભ્યને સતત અમૃતપાનનો અનુભવ કરાવ્યો હતો. રોજિંદાં પ્રવચનોમાં સાડાબાર જેવો સમય થઈ જતો હોવા છતાં શ્રોતાઓ અત્યંત રસતરબોળ થઈને એકાગ્રતાથી પ્રવચનોનું શ્રવણ કરતા હતા.



*અઠ્ઠાઈના આરાધક બાળતપસ્વી*
*પ્રવેશ અશોકભાઈ શાહ (ઉ. વ. ૧૨)*
*શ્રી મહિમા જૈન સંઘ, જીવરાજ પાર્ક*

સંઘમાં ચાતુર્માસ બિરાજમાન પૂ. બાપજી મહારાજના પરિવારનાં પૂજ્ય દીર્ઘસંયમી સાધ્વીજી શ્રી મલયપ્રભાશ્રીજી મ., પૂ. સા. શ્રી મેરુપ્રભાશ્રીજી મ. તથા પૂ. આ. શ્રી ભક્તિસૂરીશ્વરજી મ.ના પરિવારનાં પૂ. સા. શ્રી સૂર્ય-યશાશ્રીજી મ. આદિની નિશ્રામાં શ્રાવિકાવર્ગમાં સુંદર આરાધના થઈ હતી અને વિવિધ ધાર્મિક પરીક્ષાઓનું આયોજન કરીને સંઘમાં જ્ઞાનયજ્ઞનું વાતાવરણ સરજી દીધું હતું.

પર્વાધિરાજના સમાપન પછી ભા. સુ. ૧૩ના શુભ દિવસે શ્રી સંઘના ઉપક્રમે ભવ્ય રથયાત્રાનું અને સાધર્મિક વાત્સલ્યનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

---

# અમદાવાદ ગુસા પારેખની પોળમાં સ્વર્ગારોહણ મહોત્સવ ઉજવાયો

પૂજનીય સાધ્વીજી શ્રી સ્નેહલતાશ્રીજી મહારાજના સ્વર્ગવાસ નિમિત્તે ત્રણ દિવસનો જિનભક્તિ મહોત્સવ ધામધૂમથી ઉજવાઈ ગયો.

પૂ. સાધ્વીજી મહારાજ છેલ્લાં પંદર વર્ષથી વૃદ્ધાવસ્થાના કારણે અમદાવાદ ગુસા પારેખની પોળમાં સ્થિરવાસ રહ્યાં હતાં અને ગત પોષ વદ ૧૦ના દિવસે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યાં હતાં.

ગુસા પારેખની પોળના આરાધકોએ પૂ. સા. મ.ની સ્મૃતિમાં મહોત્સવ કરવાનું નક્કી કરતાં ગત પ્રથમ શ્રાવણ વદ ૭-૮-૯ના દિવસે પંચ-કલ્યાણક પૂજા, સિદ્ધચક્ર મહાપૂજન અને નવ-પદજીની પૂજાનો કાર્યક્રમ ઠાઠથી ઊજવ્યો હતો.

આ મહોત્સવમાં ગુસા પારેખની પોળના સંઘે તથા પૂ. સાધ્વીજી મહારાજનાં સંસારી પરિજનોએ ભક્તિ અને ઉમંગથી વિવિધ લાભો લીધા હતા.

સ્વ. સા. મહારાજે પૂજ્ય શાસનસમ્રાટશ્રીના સમુદાયમાં સં. ૨૦૦૨માં ખંભાત મુકામે દીક્ષા ગ્રહણ કરી હતી અને પૂ. સા. શ્રી રાજેન્દ્રશ્રીજી મ.નાં શિષ્યા બન્યાં હતાં. પોળમાં સ્થિરતા દરમ્યાન તેમણે સંઘ ઉપર અનેક ઉપકારો કર્યા હતા.

પાન ૧નું ચાલુ

આવે છે. આવા હુમલાની અસર નીચે તેઓ વળી એક નવી નક્કોર સંસ્થા ખોલી નાખે છે. આવા 'સેવાભાવી' લોકોમાં, પોતાનાં શિકારો સાથે પોતે કરેલાં પાપોની નિશાનીઓને ગાયનેકોલોજિસ્ટોની મદદથી ધોઈ નાખનારા, સેક્સી સાધુઓને પનાહ આપનારા, ગુનાહિત પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા અને સમાજમાં શૂન્ય વેલ્યૂ ધરાવનારા પરંતુ પૈસાની તાકાતથી સભામાં આગલી હરોળમાં પહોળા થઈને બેસી જનારા સહિત અનેક નામચીન લોકોનો સમાવેશ થાય છે. આવા નાલાયક માણસોને કેટલાક આચાર્યાદિ મુનિઓ વારંવાર 'શાસનની શોભામાં વધારો કરવા માટે' પોતાનાં ફંકશનોમાં બોલાવીને સમાજમાં પોતાની ધાક ઊભી કરવાનું કામ કરે છે.

ઉપર જે થોડાં સેમ્પલરૂપ 'જૈન' પૂર્વગ ધરાવતી સંસ્થાઓનાં નામો આપ્યાં છે તે અત્યારે શું કરે છે તે તો આપણે નથી જ જાણતા, પણ તેના સ્થાપકોય જાણતા હશે કે કેમ તે પણ આપણે નથી જાણતા!

હવે એક તદ્દન નવી નક્કોર સંસ્થાનાં પડઘમ સંભળાઈ રહ્યાં છે. એમાં પૂર્વોક્ત ઘણી સંસ્થાઓના ઉત્સાહી કાર્યકરો પોતાની સક્રિય ભૂમિકા ભજવવાના છે.

આ અંક બહાર પડશે ત્યાં સુધીમાં 'શ્રી જૈન સંઘ સેવા પ્રતિષ્ઠાન' નામની આ સંસ્થા કાં તો સ્થપાઈ ચૂકી હશે, કાં તો તેની સ્થાપનાની ઘડીઓ ગણાતી હશે.

આ સંસ્થાનું સંભવિત ચાર્ટર હમણાં જૈન આચાર્યોના હાથોમાં ફરી રહ્યું છે. કેટલાક ખરેખર સરળ સ્વભાવી આચાર્ય ભગવંતો તો આ સંભવિત ચાર્ટર વાંચીને રાજીના રેડ થઈ ગયા છે, કેમ કે તેઓને જીવનમાં પહેલી વાર આપણા સંઘના સર્વોચ્ચ આગેવાન તરીકે ઓળખાવાતા શેઠજીના લેટરપેડ ઉપર છપાયેલો અને ઝેરોક્સ કરીને ઠઠાડી દેવાયેલો ટેઇલરમેઇડ પત્ર મળ્યો છે. કેટલાક 'તેલ જુઓ, તેલની ધાર જુઓ'ની નીતિમાં માનનારા આચાર્યો 'શું થાય છે તે જોઈએ, પછી વિચારશું'ના વિચારોમાં સાવધાનીનો સૂર વ્યક્ત કરી રહ્યા છે. કેટલાક ચકોર આચાર્યોએ તો આ પત્રને સાચવીને પોતાના મેજના તળિયામાં મૂકી દીધો છે. *જય જિનેન્દ્ર* દ્વારા કેટલાક આચાર્ય ભગવંતોનું મન જાણવાની કોશિશ કરવામાં આવી. એનાં તારણો રજૂ કરવા જેટલો અમારી પાસે આ અંકમાં સ્પેસ નથી. આગામી સમયમાં અનુકૂળતાએ ક્યારેક અમે એ આચાર્ય ભગવંતોના અભિપ્રાયો પ્રકાશિત કરીશું. ત્યાં સુધી તો અમે પણ તેલ અને તેલની ધાર જોવાનું પસંદ કરીશું.

દરમ્યાન આ 'શ્રી જૈન સંઘ સેવા પ્રતિષ્ઠાન'ના કાર્યકરોમાં કેવા કેવા લોકોનો સમાવેશ કરાયો છે તે જોવા જેવું છે અને એના આધારે સંસ્થા આગળ જતાં શું કરશે તેનું તારણ અત્યારથી જ કાઢી લેવા જેવું છે.

જેને સંસ્થાના કાર્યકર કહેવાય તેને અહીં શ્રાવકરત્નની સંજ્ઞા આપવામાં આવી છે. કેવાં છે આ શ્રાવકરત્નો?

મુનિવરોના પાત્રમાંથી 'આટલું બધું તે કંઈ મહારાજ સાહેબથી વપરાતું હશે?' એમ કરીને વહોરાવેલી (રિપિટ, વહોરાવેલી) વસ્તુ પાછી કાઢી લેનાર વ્યક્તિને અહીં શ્રાવકરત્ન(!) તરીકે સ્થાન આપવામાં આવ્યું છે.

એક વૃદ્ધ મુનિવરના સાથીદાર મુનિના કાળધર્મ પછી તે મુનિને સાચવી લેવાના બદલે તેને લાત મારીને પરાણે સંસારમાં રવાના કરનારા

# જૈન સંઘ પ્રતિષ્ઠાન : અહો રૂપં અહો ધ્વનિઃ!

# આવા લોકોને શ્રાવકરત્ન જેવા શબ્દોથી નવાજી શકાય?

અને અઠવાડિયામાં જ તેમના અપમૃત્યુનું કારણ બનનારા અને એક સંસ્થામાં જેની દાદાગીરીનો પાર નથી એવી દુર્લભબોધિ વ્યક્તિને અહીં શ્રાવકરત્ન તરીકે સ્થાન આપવામાં આવ્યું છે.

પોતાના ભોળપણ માટે પ્રખ્યાત એવા વર્ગના લોકોની વચ્ચે જઈને સેવાના નામે તે વર્ગની સ્ત્રીનો હાથ પકડનારા અને મહામુશ્કેલીએ પોતાનો જાન બચાવીને ભાગી છૂટનારા અને હવે સમાજમાં સતા થઈને ફરનારા એક માણસને પણ અહીં શ્રાવકરત્ન તરીકે સ્થાન આપવામાં આવ્યું છે.

પુસ્તકો અને અન્ય ધર્માદાના માતબર ફંડમાંથી પોતાના ધંધા અને કુટુંબનું કલ્યાણ સાધી લેનારી એક વ્યક્તિને અહીં શ્રાવકરત્ન તરીકે સ્થાન આપવામાં આવ્યું છે.

એક ખ્યાતનામ જૈન સંસ્થાના લાખો રૂપિયાના ફંડો બેન્કો અથવા સરકારમાન્ય સંસ્થાઓમાં રોકવાના બદલે પોતાના માંદા પડી ગયેલા ઉદ્યોગોમાં રોકનાર વ્યક્તિ અહીં શ્રાવકરત્ન તરીકે ભૂમિકા ભજવશે.

પોતે જે સમુદાય સાથે સંકળાયેલ છે તે જ સમુદાયના સાધુઓની પૂરતી સેવા ન બજાવી શકનાર એક વ્યક્તિ સૂચિત સંસ્થામાં જોડાઈને હવે સકલ સંઘની સેવા કરનાર છે!

આરાધક અને ચુસ્ત શ્રાવકોના દબાણમાં આવીને જેમણે જાહેરમાં પ્રતિજ્ઞા કરી હતી કે 'હું મારા કુપાત્ર શિષ્યને કદી આચાર્યપદ નહીં આપું' એવા સંઘ વચ્ચે બોલીને ફરી ગયેલા આચાર્ય સાથે સંકળાયેલા ભક્તરાજ પણ આ સંસ્થામાં શ્રાવકરત્ન તરીકે જોડાવાના છે!

તાજેતરમાં ખૂબ વગોવાયેલા ત્રણ અનંતાનંત મહાસેક્સી સાધુઓને બચાવી લેવા માટે લાખો રૂપિયા વેરીને કેસને રફેદફે કરવામાં અગત્યનો ભાગ ભજવનાર, તેમ છતાં તેમાં સફળ ન થનાર ખલનાયક આ સંસ્થામાં શ્રાવકરત્ન તરીકે જોડાશે!

પોતાના બંગલામાં જ દેરાસર હોવા છતાં તેમાં કદી પગ ન મૂકનારા નબીરાઓ પણ હોંશે હોંશે શાસનસેવા કરવાના છે!

અમે કંઈ અહીં કુપાત્ર લોકોની ડિક્સનેરી બનાવવા નથી બેઠા. આ તો થોડાં સેમ્પલો રજૂ કર્યાં છે કે કેવા કેવા લોકો આપણા સંઘની સેવા કરવા માટે તલપાપડ બની ગયા છે!

અને સૂચિત સંસ્થાનું સૂચિત ચાર્ટર બનાવનારાઓની માનસિકતાને ઉજાગર કરે એવા થોડા નમૂના :

*''વર્તમાનકાળમાં બહુધા જિનશાસનની મર્યાદા પ્રમાણે દિક્ષાઓ (આ જોડણી અમારી નથી, ચાર્ટરની છે) તથા આચાર્ય પદવીઓ વગેરે થાય છે. પરંતુ અમુક પ્રસંગોમાં આ મર્યાદાઓ પૂરતી જળવાતી નથી એમ જાણવા મળ્યું છે.''*

આ વાંચીને, *'કોણ કહે છે રાંપીનો ઘા છે?'* વાળી વાર્તા યાદ આવી ગઈ. ખરેખર તો આ વાક્ય આમ હોવું જોઈતું હતું : *''વર્તમાનકાળમાં બહુધા જિનશાસનની મર્યાદા પ્રમાણે દીક્ષાઓ તથા આચાર્ય પદવીઓ નથી થતી, માત્ર અમુક પ્રસંગે જ આ મર્યાદા જળવાય છે.''* દર્શન, જ્ઞાન, ચારિત્ર વિનાના સેંકડો આચાર્યોની ભરતી પછી પણ 'ડ્રાફ્ટિંગ કરનારાએ' પોતાની આંખે ગાંધારી જેવા પાટા બાંધવાનું કેમ પસંદ કર્યું હશે?

ચાર્ટરમાં વાઘને કોઈ કહેતું નથી કે તારૂં મોં ગંધાય છે અને બિચારી નિર્દોષ સાધ્વીઓ ઉપર તૂટી પડે છે : *''પૌષધશાળાઓ સિવાયના ખાસ કરીને સાધ્વીજી ભગવંતોના કહેવાતા અંગત સ્થાનકો ઠેર ઠેર જોવા મળે છે. એક સર્વેક્ષણ*

શેષ હિસ્સો છેલ્લા પાને

પાન ૧૫નું ચાલુ

*મુજબ ફક્ત અમદાવાદ શહેરમાં હાલમાં આવા ૨૭૬ સ્થાનો આવેલા છે. આવા સ્થાનોમાં ઘણી વખત શાસનની મર્યાદાઓ તથા સંઘનું આધિપત્ય વગેરે જળવાતા નથી.''* શાબ્બાશ. આપણા સંઘના આગેવાનો નમાલા છે એ તો ખબર હતી, પણ આટલા બધા નમાલા હશે તેવી ખબર નહોતી. અમદાવાદમાં સાધુઓનાં અંગત સ્થાનો કેટલાં છે તેનું સર્વેક્ષણ કરવાના બદલે સાધ્વીઓને નિશાન બનાવવા પાછળ કયો હેતુ કામ કરતો હશે? તેઓ શું એ નહીં જાણતા હોય કે ખરેખર તો સાધુઓની દાદાગીરી સામે સંઘનું આધિપત્ય બિલકુલ જળવાતું નથી? તાજેતરના પર્યુષણનો જ દાખલો જોવા જેવો છે. જેમાં કોઈની સ્થિરતા નહોતી એવા એક અંગત ઉપાશ્રયની શ્રાવકો દ્વારા પર્યુષણની આરાધના માટે માગણી થતાં તેના માલિક એવા સાધુ દ્વારા ઘસીને 'ના' કહી દેવામાં આવી હતી. ડ્રાફ્ટ ઘડનારાઓ શું જોઈને આવા સાધુઓની ભાટાઈ કરવાનું બંધ કરવાના બદલે સાધ્વીઓને નિશાન બનાવતા હશે? તમને માત્ર બકરીઈદ કરવાની જ ચળ ઊપડે છે? શું તમારામાં વાઘઈદ કરવાનું જરાયે કૌવત નથી? તો પછી મહેરબાની કરીને આવાં તિકડમ કરવાનું બંધ કરી દો ને. આમ થશે તોય, કોઈ સંસ્થા સ્થાપ્યા વિના જ ઘણી મોટી શાસનસેવા થઈ જશે.

આચારભ્રષ્ટ સાધુઓની દાદાગીરી, તેમને વડીલો દ્વારા મળતું ગુનાહિત રક્ષણ, નિર્દોષ સાધુઓની વરસોનાં વરસો સુધી થતી સતામણી, મુનિવરોમાંથી લુપ્ત થતી અધ્યયનપ્રથા, આપણી પાઠશાળાઓની કંગાળ અને દયનીય દશા, આપણા સાધર્મિક બંધુઓની ભયંકર દુર્દશા, સેક્સી સાધુઓ દ્વારા થતી સાધ્વીજીઓની કફોડી હાલત વગેરે ગંભીર ચિંતન માગતા પ્રશ્નોને બદલે છીછરી બાબતોમાં જ શક્તિ વેડફવાની હોય તો તેવા 'શ્રી જૈન સંઘ સેવા પ્રતિષ્ઠાન'ની આપણને કોઈ જરૂર નથી.

વધુ આવતા અંકે

## ધ લાસ્ટ બાઇટ...

### બોધપાઠ

જેને જવાબદારીનો ખ્યાલ નથી તેવા લોકોને સત્તા આપવાનો મતલબ કસાઈના હાથમાં છરો પકડાવવા જેવો થાય છે.

●

### સ્પંદન

કેવી રીતે કાફલો મંઝિલ ઉપર પહોંચી શકે;
મૂલ્ય મંઝિલથી વધુ જ્યાં કાફલાનું થઈ ગયું!

●

### ના હોય!

**શૈલુ :** 'શું વાત છે, આજકાલ તારૂં કોઈ નવું પુસ્તક બહાર નથી આવતું. છપાવવાનો ટાઈમ નથી મળતો કે શું?'
**અસ્તકીર્તિ :** 'મને તો છપાવવાનો ઘણોય ટાઈમ મળે છે, પણ પરાભવ પટેલને લખવાનો ટાઈમ નથી મળતો!'

!! अहो कार्टुनम्




Printed, Published and Owned by Nirved Acharya, F 9 Shrinandnagar IV, Vejalpur, Amdavad 380051
Printed at Shivkrupa Offset Printers, 27 Amrut Industrial Estate, Nr. Dudheshvar Water Tank, Amdavad